## તિલકવાડામાં કારે બાઈકને ટક્કર મારતાં પિતા-પુત્ર સહિત 3 ઘાયલ

**અકસ્માતમાં** સમાધાનની વાત નિષ્ફળ જતાં અંતે પોલીસ ફરિયાદ

રાજપીપળાઃ તિલકવાડામાં કાર ચાલકે બાઈકને ટક્કર મારતાં પિતા-પુત્ર સહિત ત્રણ ઘાયલ થયા હતા. આ બનાવમાં અલવા ગામના વૃદ્ધે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

તિલકવાડાના અલવા ગામમાં રહેતા ૭૨ વર્ષીય ખેડૂત ભગવાનભાઈ નરસિંહભાઈ તડવી તેમના પુત્ર સુરેશભાઈ અને સંબંધી ગૌતમભાઈ રાજેશભાઈ તડવી સાથે મોટરસાઈકલ નં.(GJ 22 L 0354) પર સવાર થઈ તિલકવાડાથી પરત ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન જૂના કેરોસીન ડેપો પાસે પાછળથી પૂરઝડપે આવતી ઓરા ફોરવ્હીલર ગાડી નં.(GJ 34 H 5321)ના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં ત્રણેય સવારો રોડ પર પટકાતાં ગંભીર ઈજા પહોંચી હતી. આથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેઓને પ્રથમ તિલકવાડા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરાની SSG હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. તબીબી તપાસમાં ગૌતમભાઈને જમણા પગના થાપાના ભાગે ફેક્ચર અને શરીરે ગંભીર ઈજાઓ થઈ હોવાનું જણાયું હતું, જ્યારે ભગવાનભાઈ અને તેમના પુત્ર સુરેશભાઈને શરીરે ગંભીર મૂઢ માર વાગ્યો હતો. શરૂઆતમાં બંને પક્ષો વચ્ચે સમાધાનની ચર્ચાઓ ચાલતી હોવાથી ફરિયાદમાં વિલંબ થયો હતો. પરંતુ સમાધાન ન થતા આખરે ભગવાનભાઈએ તિલકવાડા પોલીસમાં કાર ચાલક વિરુદ્ધ ગફલતભરી રીતે ગાડી ચલાવી અકસ્માત સર્જવા બદલ ફરિયાદ નોંધાવી હતી.

## ભરૂચમાં 2.70 લાખનો દારૂ ઝડપાયો

ભરૂચઃ ભરૂચના ઈન્દિરાનગરમાં એ ડિવિઝન પોલીસે બાતમીના આધારે કુખ્યાત બુટલેગર દિનેશ ઉર્ફે બબુલ પાટણવાડિયાના ઘરે દરોડો પાડી 2.70 લાખનો દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસને રેલવે સ્ટેશનથી વિદેશી દારૂ લાવી ઘરમાં સંતાડ્યો હોવાની માહિતી મળી હતી. તલાશી દરમિયાન ઘરમાંથી દારૂ અને મોબાઈલ મળી 3.20 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. આ બનાવમાં સુરતના ઈમરાન ખાન વોન્ટેડ જાહેર કરાયો હતો.

# બારડોલીમાં સરકારી જમીન પર ભાડા વસૂલી મુદ્દે તપાસ

**દુકાનધારકો** એક ગાળા પેટે માસિક 7000થી 9000 રૂપિયા ભાડું ચૂકવતા હતા



બારડોલીઃ બારડોલી નગરપાલિકામાં કેનાલ રોડ પર થયેલાં દબાણો મુદ્દે બે દિવસ પૂર્વે જ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી, ત્યાં હવે સરકારી જમીન પર ગેરકાયદે કબજો કરી ભાડું વસૂલવાના ગંભીર આરોપ હેઠળ વધુ એક ઉચ્ચસ્તરીય તપાસ સમિતિ મેદાને આવી છે. એક પછી એક તપાસના આદેશો છૂટતાં પાલિકાના સત્તાધીશો અને કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સ્વાતિબેન પિનલભાઈ પટેલ દ્વારા પ્રાદેશિક કમિશનર (નગરપાલિકાઓ)ને કરવામાં આવેલી રજૂઆત બાદ આ કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, નગરપાલિકાના તાબા હેઠળની શિવાજી ચોકની સામે 350/2/P/P2 વાળી ફાઈનલ પ્લોટની જગ્યા પર 2017થી ખાણીપીણીનો વ્યવસાય કરી 14 જેટલા પરિવારો ગુજરાન ચલાવતા હતા. 2017ના વર્ષથી બારડોલી નગરપાલિકાના હાલના કોર્પોરેટર નિમેશભાઈ ચીમનલાલ શાહ અને માજી કારોબારી અધ્યક્ષ રાજેશ મનુભાઈ પટેલને આ દુકાનધારકો એક ગાળા પેટે માસિક 7000થી 9000 રૂપિયા ભાડું ચૂકવતા હતા અને ગાળા દીઠ 10 હજાર ડિપોઝિટ પણ વસૂલી હતી. આ જમીન પર ગેરકાયદે રીતે ભાડું ઉઘરાવી આર્થિક લાભ મેળવવામાં આવતો હતો, જેના કારણે સરકારી તિજોરીને મોટું નુકસાન થઈ રહ્યું હતું. જો કે, આ ફરિયાદ બાદ પાલિકાએ આ જગ્યા ખાલી કરાવી દીધી હતી. પરંતુ ખાનગી લોકોએ કરોડો રૂપિયા ખાણીપીણીની લારીવાળાઓ પાસે ઉઘરાવ્યા હતા. મામલાની ગંભીરતા જોતા પ્રાદેશિક કમિશનરની સૂચનાથી અધિક કલેક્ટર આર.સી.પટેલના અધ્યક્ષ સ્થાને ચાર સભ્યની તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં કેશવલાલ એમ.કોલડિયા (ચીફ ઓફિસર), સી.એન.દાલીયા (કાર્યપાલક ઈજનેર) અને આશિષ બી.ઉકાણી (હિસાબી અધિકારી)નો સમાવેશ થાય છે.

### પાલિકામાં સોપો, ભાડું ઉઘરાવનારાઓમાં ફફડાટ

બારડોલીના કેનાલ રોડ બાદ હવે આ નવા કથિત કૌભાંડમાં તપાસ સમિતિની એન્ટ્રી થતાં પાલિકાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ખાસ કરીને જે લોકો સરકારી મિલકતને પોતાની પેઢી સમજીને ભાડું ઉઘરાવતા હતા, તેમનામાં ફાળ પડી છે. નગરપાલિકાના વર્તમાન નગરસેવક નિમેશ શાહ અને માજી કારોબારી અધ્યક્ષ રાજેશ પટેલ દ્વારા દુકાનદારો પાસેથી અંદાજિત ૧.૧૮ કરોડ રૂપિયા ભાડા પેટે ઉઘરાવવામાં આવ્યા હોવાનો જે-તે સમયે દુકાનદારોએ કરેલા સોગંદનામામાં તેમજ ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### UPL યુનિવર્સિટી દ્વારા નશામુક્તિ કાર્યક્રમ



ભરૂચઃ UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી અને નશાબંધી અને આબકારી ખાતું, ભરૂચ દ્વારા વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવવા અને સ્વસ્થ, વ્યસનમુક્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે ડ્રગ્સ, આલ્કોહોલ અને અન્ય પ્રતિબંધિત પદાર્થોના પ્રતિબંધ પર 'નશામુક્તિ' અંગે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પી.બી.વલવઈ, નાયબ કલેક્ટર-ઝઘડિયા, ભાવિન ચોલેરા-નશાબંધી અને આબકારી અધિક્ષક અને ભરૂચના નશાબંધી-આબકારી નિરીક્ષક અનિલ ઘનાવા, ડો.શ્રીકાંત વાઘ, ધર્મેશ પટેલ, NSS કો-ઓર્ડિનેટર સતીશ વર્મા, MSH HOD ધનંજય ચૌહાણ તથા પારસમલ જૈન ઉપસ્થિત રહ્યા હતા.

### કેવડિયામાં સમૂહ લગ્નોત્સવ યોજાયો



દીપલ સોની

રાજપીપળાઃ કેવડિયા ખાતે સમસ્ત તડવી પરિવાર દ્વારા ચોથા સમૂહલગ્નોત્સવનું ભવ્ય આયોજન કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ચૈતર વસાવાએ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ આપ્યાં હતાં. તેમણે સામાજિક એકતા અને ખોટા ખર્ચ બચાવવાના આ ઉમદા પ્રયાસ બદલ આયોજકોને અભિનંદન પાઠવી સમાજમાં જાગૃતતા લાવવા પર ભાર મૂક્યો હતો.

### તરસાડાબાર પાસે ટેમ્પોમાંથી દારૂ ઝડપાયો



હિતેશ પટેલ

પલસાણા, માંડવીઃ સુરત જિલ્લા એલ.સી.બી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, સેલવાસથી એક ટાટા ટેમ્પો નંબર GJ-07-y-6868માં દારૂનો જથ્થો ભરીને બાજીપુરા થઈ માંડવી તરફ આવનાર છે. બાતમીના આધારે તરસાડાબાર ગામની સીમમાં એ.આર.સી. કંપની સામે નાકાબંધી કરવામાં આવી હતી. શંકાસ્પદ ટેમ્પો આવતાં જ તેને રોકી તલાશી લેતાં તેમાંથી ખાસ બનાવેલા ચોરખાનામાં છુપાવેલો વિદેશી દારૂ અને બિયરની કુલ ૧૨૨૪ નંગ બાટલીઓ મળી આવી હતી, જેની કિંમત રૂ. ૨,૯૪,૪૮૦ થાય છે. પોલીસે સ્થળ પરથી રાજસ્થાનના બાડમેરના રહેવાસી ચાલક બીરબલ હરૂરામ શેવરે (ઉં.વ.૩૨)ને ઝડપી લીધો છે. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત રૂ. ૩,૦૦,૦૦૦ની કિંમતનો ટાટા ટેમ્પો, મોબાઈલ, રોકડ રકમ અને અન્ય સાધનો મળી કુલ ૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં દારૂ ભરી આપનાર રાજસ્થાનના રાકેશ પુરોહિત અને ભરત દેવાસીને વોન્ટેડ જાહેર કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### મૂળદની નીલકંઠ રેસિડેન્સીમાં પાડોશી બાખડ્યા

કીમઃ ઓલપાડના મુળદની તપોવન સ્કૂલ પાસે આવેલી નીલકંઠ રેસિડેન્સી સોસાયટીમાં ૧૩ ફેબ્રુઆરીએ સવારે આશરે ૧૧ વાગ્યાના અરસામાં મકાન નં.૪ અને ૫ સામે ઝઘડો થયો હતો. આ મામલે પ્રથમ ફરિયાદ માયાબેન પ્રવિણભાઈ મોદી (ઉં.વ.૪૭) દ્વારા નોંધાવવામાં આવી છે. ફરિયાદ અનુસાર પાડોશમાં રહેતાં ચંપાબેન અને આરતીબેન સાથે દીવાલ પર પથ્થર મૂકવા બાબતે વિવાદ થયો હતો, જે દરમિયાન ચંપાબેને લાકડાના ફટકા વડે માથામાં અને આરતીબેને ઈંટ વડે ડાબા હાથ પર માર મારી માયાબેનને ઈજા પહોંચાડી હતી. બીજી તરફ આરતીબેન દિનેશભાઈ ટાંક (ઉં.વ.૩૬) દ્વારા નોંધાવેલી વળતી ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, પ્રવીણભાઈ મોદી તથા તેમના પત્નીએ ગાળાગાળી કરી તેમને થપ્પડ મારી હતી અને તેમનાં સાસુ ચંપાબેનનું ગળું પકડી ધક્કામુક્કી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સમગ્ર મામલે કીમ પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરના અવાદર ગામે દીપડો પાંજરે પુરાયો

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરના અવાદરમાં છેલ્લા કેટલાક દિવસોથી આતંક મચાવનાર દીપડો આખરે વન વિભાગના પાંજરામાં કેદ થયો છે. આ દીપડાએ ડેરી ફાર્મમાં ત્રણ વાછરડી પર હુમલો કરી એકને ફાડી ખાધી હતી. ગ્રામજનોની રજૂઆત બાદ ગોઠવાયેલા પાંજરામાં દીપડો ઝડપાતાં સૌએ રાહતનો દમ લીધો હતો. હવે વન વિભાગ તેને સુરક્ષિત સ્થળે ખસેડશે.

### સોનગઢમાં પુલવામાના શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ અપાઈ

સોનગઢઃ સોનગઢ ખાતે CRPFના જવાનો પર થયેલા પુલવામાના આતંકી હુમલાની વરસગાંઠ નિમિત્તે "બ્લેક ડે" તરીકે શહીદોને યાદ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સુરત-તાપી જિલ્લા નિવૃત્ત અર્ધલશ્કરી દળ સંગઠનના બાબુભાઈ વસાવા, સોનગઢ શહેર મિત્રમંડળના વિજય પાવશે, ભલાઈ ચેરિટેબલ ટ્રસ્ટના બકુલ મહેતા, રોટરી ક્લબ ઓફ વ્યારાના પ્રમુખ રીનલબેન ગાંધી તેમજ સોનગઢ ગામના આગેવાન પ્રવીણભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



## જંબુસર પાલિકાની સભામાં હોબાળો

**મીઠા** પાણીના અપેક્ષિત પ્રોજેક્ટને વિપક્ષે મૃત:પાય ગણાવ્યો

**મહાદેવ** તળાવના નવીનીકરણ બાદ તેના નામ બાબતે પણ ચર્ચા

જંબુસરઃ જંબુસર પાલિકાની સામાક્ષ અને વિરોધ પક્ષ વચ્ચે ભારે હોબાળા વચ્ચે પૂર્ણ થઇ હતી. સામાન્ય સભા દરમિયાન અનેક મહત્ત્વપૂર્ણ વિકાસ કામોના ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા. જો કે, વિરોધ પક્ષે મીઠા પાણી પ્રોજેક્ટ સહિતના મુદ્દાઓ પર પ્રબળ વિરોધ નોંધાવતાં વાતાવરણ ગરમાયું હતું.

વિરોધ પક્ષના નેતા સાકીર મલેકે જણાવ્યું હતું કે, શહેરના નાગરિકો માટે મીઠા પાણીના લાંબા સમયથી અપેક્ષિત પ્રોજેક્ટ "મૃતપ્રાય" ગણાવી અમે પ્રતીકાત્મક રીતે શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. આ પ્રોજેક્ટ અંગે વારંવાર આશ્વાસન આપવામાં આવ્યું હોવા છતાં હકીકતમાં કોઈ અસરકારક પ્રગતિ થતી નથી એ દુઃખદ ઘટના કહેવાય.

સામાન્ય સભામાં સત્તા પક્ષ દ્વારા નવ વિકાસ કામોના ઠરાવો ખૂબ જ ઝડપથી વાંચવામાં આવ્યા હતા, જેના વિરોધમાં વિરોધપક્ષે અટકાવવાની કોશિશ કરી હોબાળો મચાવ્યો હતો. સત્તા પક્ષે રજૂ કરેલાં કામોમાંથી આઠ કામો સામે વિરોધ નોંધાવ્યો હતો, જ્યારે નગરપાલિકા કર્મચારીઓની ગ્રેચ્યુઇટી સંબંધિત મુદ્દે વિરોધ પક્ષે સમર્થન આપ્યું હતું અને મહાદેવના તળાવના નવીનીકરણ બાદ તેનું નામ કરણ ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના સન્માનમાં "અટલ તળાવ" રાખવાના ઠરાવને સત્તાપક્ષે તાળીઓના ગડગડાટ સાથે સ્વીકાર્યો હતો.

સભાની એક નોંધપાત્ર બાબત એ રહી કે વિરોધ પક્ષના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના આગેવાન અને નગરસેવક સઈદભાઈ કાલુ ગેરહાજર રહ્યા હતા. જેથી વિરોધ પક્ષમાં અવઢવની સ્થિતિ જોવા મળી હતી. સાથે અપક્ષના ત્રણ સભ્ય પણ સામાન્ય સભામાં ગેરહાજર રહેતાં જનમાનસમાં ચર્ચાનો વિષય બની ગયો હતો. જંબુસર નગરપાલિકાની આ વખતની સામાન્ય સભાએ વિકાસ, પાણીની સુવિધા અને નગરના ભવિષ્યને લઈને આગોતરા આયોજન મુદ્દે શાસકો અને વિપક્ષો વચ્ચે તીવ્ર રાજકીય ગરમાગરમીનો માહોલ જોવા મળ્યો હતો.

## મહિલાની કારમાં ટ્રેકર લગાવી પીછો કરનાર વિરુદ્ધ ફરિયાદ

**બારડોલીમાં** મહિલાના બે પતિનાં અવસાન થતાં મિત્ર સાથે લિવ ઇનમાં રહેતી હતી, બાદ તે અલગ થઈ ગઈ હતી

બારડોલીઃ બારડોલી શહેરમાં મહિલાનો પીછો કરી, તેની કારમાં ગુપ્ત રીતે ટ્રેકર લગાવી તેની જાસૂસી કરવાના ગંભીર મામલે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી મહિલાના પહેલા અને બીજા પતિનું અવસાન થતાં તેણી તેનાં બે બાળકો સાથે રહે છે. આ દરમિયાન તે અજેશ પટેલ નામના શખ્સ સાથે પરિચયમાં આવી હતી અને તેઓ બંને સાથે વર્ષ-2017થી 2019 દરમિયાન લિવ-ઈન રિલેશનશિપમાં પણ રહ્યાં હતાં. જો કે, લગ્ન બાબતે મતભેદ થતાં મહિલા આરોપીથી અલગ થઈને રહેવા લાગી હતી. અલગ થયા બાદ પણ આરોપીએ મહિલા સાથે સંબંધ રાખવા માટે દબાણ કરી તેનો પીછો કરવાનું ચાલુ રાખ્યું હતું. ફરિયાદમાં જણાવ્યાનુસાર આરોપીએ મહિલાની હલચલ પર નજર રાખવા માટે કારમાં સેમસંગ કંપનીનું ટ્રેકર લગાવી દીધું હતું. ગત ૧૧ ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ મહિલાએ પોતાની કાર તપાસતા ગાડીના નીચેના ભાગેથી આ ટ્રેકર મળી આવ્યું હતું.

અગાઉ પણ આરોપીએ મહિલા અને તેના મિત્રને હત્યાની ધમકી આપ્યાનો ઉલ્લેખ ફરિયાદમાં કરાયો છે. મહિલાની સુરક્ષાને ધ્યાને રાખીને બારડોલી ટાઉન પોલીસે આરોપી અજેશ રમેશ પટેલ (રહે.,મોતા, તા.બારડોલી) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## 'મારી ગાડી પર બેસી જા' કહી ખોલવડમાં પરિણીતાની છેડતી

કામરેજઃ કામરેજના ખોલવડ ગામમાં પરિવાર સાથે રહીને દુકાન ચલાવતી એક પરિણીતાને ગામના જ બે શખ્સ દ્વારા છેલ્લા ૧૫ દિવસથી રસ્તામાં રોકીને પજવણી કરવામાં આવતી હોવાની ઘટના સામે આવી છે. આશરે પંદર દિવસ પહેલાં જ્યારે પરિણીતા બપોરના સમયે બજારમાં ઘરવખરીનો સામાન લેવા ગઈ હતી, ત્યારે ગામમાં જ રહેતો રીઝવાન ઉર્ફે રીજ્જુ બીડી રફીક શેખ કાળા રંગની બાઈક લઈને તેમની પાસે આવ્યો હતો અને 'ચાલ મારી સાથે ગાડી પર બેસી જા' તેમ કહી છેડતી કરી હતી. બાદ છેલ્લા ૧૨-૧૩ દિવસથી જ્યારે પણ પરિણીતા બજારમાં ખરીદી કરવા જતાં રીઝવાન અને તેની સાથે આર.કે. કોલોનીમાં રહેતા અજય દીપક રાઠોડે બાઈક પર આવીને અભદ્ર વર્તન કરતા કહ્યું કે, 'અમારી સાથે આવી જાવ' તેમ કહી સાથે આવવા દબાણ કરતા હતા. ગત શુક્રવારે બપોરે ૧:૩૦ કલાકે પરિણીતા તેમના મામી સાસુ સાથે બજારમાં જઈ રહી હતી, ત્યારે ફરી આ બંને શખ્સ બાઈક પર આવ્યા હતા. આ દરમિયાન રીઝવાને પરિણીતાનો હાથ પકડી લીધો હતો અને અજય રાઠોડે 'ગાડી પર બેસી જાવ' તેમ કહી અભદ્ર ઈશારા કર્યા હતા. આ ઘટના અંગે પરિણીતાએ કામરેજ પોલીસ મથકમાં બંને ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને અજય રાઠોડની ધરપકડ કરી છે.

## ભરણપોષણના કેસનો આરોપી ઝડપાયો

અંકલેશ્વરઃ ભરૂચ ફેમિલી કોર્ટના ભરણપોષણમાં 645 દિવસની સાદી કેદની સજા પામેલો આરોપી કાર્તિકભાઈ દિલીપભાઈ પટેલ (ઉં.વ.26) (ધંધો-મજૂરી) (રહે., ભરણ ગામ, તા.અંકલેશ્વર) તેના ઘરે હાજર હોવાની બાતમી મળતાં પાનોલી પોલીસે પકડી પાડ્યો હતો. જેને શનિવારે ભરૂચ સબજેલ ખાતે મોકલી અપાયો હતો.

## ભરૂચમાં ત્રણ બેગમાંથી દારૂ મળ્યો

ભરૂચઃ ભરૂચ સી ડિવિઝન પોલીસે રેલવે સ્ટેશન પાસે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈ શંકાસ્પદ બુટલેગર વિદેશી દારૂની 216 બોટલો (કિં.રૂ.86,400) ભરેલી ત્રણ બેગ અને પોતાનો મોબાઈલ મૂકી અંધારામાં ફરાર થઈ ગયો હતો. પોલીસે કુલ 91,400નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મોબાઈલના આધારે પોલીસે વોન્ટેડ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.



હિતેશ પટેલ

## માંડવીમાં રૂ.9.60 કરોડનાં વિકાસ કાર્યોને વેગ મળ્યો

**સરકીટ** હાઉસ એક્સ્ટેન્શનનું લોકાર્પણ અને ગરેડિયા બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું

માંડવીઃ તાલુકા મુખ્યાલય ખાતે વિકાસનાં કાર્યોને વધુ વેગ આપવા માટે મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કુંવરજી હળપતિના હસ્તે કુલ 9.60 કરોડનાં બે પ્રોજેક્ટનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત રૂ. 2.10 કરોડના ખર્ચે નવનિર્મિત સરકીટ હાઉસના એક્સ્ટેન્શનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રૂ.7.50 કરોડના ખર્ચે બનનાર ગરેડિયા બ્રિજનું ખાતમુહૂર્ત પણ કરાયું હતું. આ બ્રિજના નિર્માણથી આસપાસના ગ્રામ્ય વિસ્તારોને આવનજાવનમાં મોટી સહુલિયત મળશે અને પરિવહન વ્યવસ્થા વધુ સુગમ બનશે. કૃષિ ઉત્પાદન અને રોજિંદા વ્યવહારો માટે પણ આ બ્રિજ આશીર્વાદરૂપ સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે જગદીશભાઈ પારેખએ બ્રિજના નિર્માણમાં ગુણવત્તા જળવાઈ રહે તે માટે ખાસ ભાર મૂક્યો હતો. સાથે જ બ્રિજનું નામ 'અટલ સેતુ' રાખવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ નિમેષ શાહ, તા.પં. પ્રમુખ દિલીપભાઈ ચૌધરી, એપીએમસી ચેરમેન લલ્લુભાઈ ચૌધરી, નટુભાઈ રબારી, તા. સંગઠન પ્રમુખ અનિલભાઈ ચૌધરી, અલ્પેશ પટેલ, છનાભાઈ વસાવા, નગર સંગઠન પ્રમુખ પ્રિતેશ રાવળ, વિજય પટેલ, શાલીન શાહ સહિત મોટી સંખ્યામાં સરપંચો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## નેત્રંગમાં કતલખાનાનો કચરો મંદિર પાસે ફેંકાતાં જનાક્રોશ

**ભાથીજી** મંદિર અને ભૂતમામાની ડેરી વચ્ચે મરઘાંનાં પીંછાં અને આંતરડાં ફેંકાયાં



પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ નેત્રંગ ગ્રામ પંચાયત દ્વારા નગરની સ્વચ્છતા જાળવવા માટે ડમ્પિંગ સાઈડ પર જ કચરો નાંખવાની જાહેરાત કરવામાં આવી હોવા છતાં, કેટલાંક તત્ત્વો દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરી ધાર્મિક લાગણી દુભાવવાનું કૃત્ય આચરવામાં આવ્યું છે. નેત્રંગના ઈનચાર્જ ટીડીઓ યોગેશ પવાર દ્વારા ગંદકી રોકવા માટે લાલમંટોડી વિસ્તારમાં સીસીટીવી કેમેરા અને ફેન્સિંગ લગાવી દેખરેખ રાખવામાં આવી રહી છે. આ સાથે જ પંચાયત દ્વારા રિક્ષા ફેરવી સૂચના આપવામાં આવી હતી કે તમામ પ્રકારનો કચરો અમરાવતી નદી કિનારે આવેલી નિર્ધારિત ડમ્પિંગ સાઈડ પર જ ઠાલવવો. જો કે, આ આદેશ બાદ ડમ્પિંગ સાઈડ સુધી જવાને બદલે ભાટા કંપની ફળિયા વિસ્તારમાં આવેલા પવિત્ર ભાથીજી મંદિર તેમજ ભૂતમામાની ડેરી વચ્ચેના મુખ્ય માર્ગ પર કેટલાક ખાટકીઓ દ્વારા કતલખાનાનો કચરો, મરઘાંનાં પીંછાં અને પક્ષીઓનાં અવશેષો ફેંકવામાં આવી રહ્યાં છે.

આ કૃત્યને કારણે મંદિરે આવતા ભક્તો અને સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. પવિત્ર સ્થળોએ ગંદકી ફેલાવી કોમી એકતામાં પલીતો ચાંપનારાં અસામાજિક તત્ત્વો સામે કડક કાર્યવાહીની માંગ સાથે નગરજનોએ એકજૂથ થઈ નેત્રંગ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, મામલતદાર અને પોલીસ સ્ટેશનમાં આવેદનપત્ર પાઠવ્યું છે. સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તંત્ર દ્વારા સત્વરે જવાબદારો સામે પગલાં ભરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે. નગરની શાંતિ અને સ્વચ્છતા જોખમાવતા આ ગંભીર મુદ્દે હવે તંત્ર કેવા પગલાં ભરે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

## બારડોલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામાન્ય સભા મળી

**સભામાં** નાણાકીય વર્ષના અંદાજપત્રને બહાલી, તમામ કામો મંજૂર

બારડોલીઃ બારડોલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામાન્ય સભા શનિવારના રોજ પ્રમુખ ભીખાભાઈ ઝેડ. પટેલના અધ્યક્ષ સ્થાને સુરત જિલ્લા સહકારી સંઘ બારડોલી ખાતે મળી હતી, જેમાં એજન્ડાનાં તમામ કામોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં.

આ સભામાં એપ્રિલ-2025થી જાન્યુઆરી-2026 સુધીના હિસાબો વાંચનમાં લઈ તેને મંજૂર કરવામાં આવ્યા હતા. તેમજ આગામી વર્ષ 2026-27ના નાણાકીય વર્ષના અંદાજપત્રને પણ બહાલી આપવામાં આવી હતી.

આ ઉપરાંત સમિતિના વોચમેન નિવૃત્ત થતાં હોય તેના નિયમો અનુસાર નીકળતી રકમ આપવા બાબત, નાણાકીય લેવડદેવડ કરવા અંગેની સત્તા આપવા બાબત, નાશ પામેલ ડેડસ્ટોક રદ કરવા બાબત તેમજ પ્રમુખ સ્થાનેથી અને તેમની સંમતિથી રજૂ થતાં અન્ય કામોને પણ મંજૂર કરવામાં આવ્યા હતા. સભામાં ભીખાભાઈ પટેલે બારડોલી એપીએમસીની કામગીરી વિશે માહિતી આપી હતી અને આગામી વર્ષનાં આયોજનો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જયેશભાઈ પટેલે ગત સભાની કાર્યવાહીનું વાંચન કર્યું હતું. આ સામાન્ય સભામાં ભાવેશ પટેલ, કશ્યપ પટેલ સહિતના ડિરેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. સભા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

Milano MULTIPLEX
બારડોલી
O' Romeo
10:00am, 01.00pm, 03:00am, 04:30pm, 06:00pm, 09:00pm, 10:00pm
Mardaani 3
12:00pm, 07:00pm
Border 2
02:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

### વેચાણ અંગે જાહેર નોટીશ

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો કામરેજનાં મોજે ગામ :- કરજણ નાં બ્લોક નં. ૭૦૨ કે જેનું સિટી સર્વે દફતરે પ્રોપર્ટી કાર્ડ મુજબ સિટી સર્વે નંબર NA ૭૦૨, શીટ નંબર NA ૯૯, સિટી સર્વે ઓફિસ : ઓલપાડ, વોર્ડ : કરજણ (બિનખેતી) જેનું ક્ષેત્રફળ ૨૧૪૮ ચો.મી. વાળી બીનખેતીની જમીન વાળી મિલકતનાં હાલનાં માલીક **રોશનબીબી અબ્દુલરહેમાન બેલીમ** નાં સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ છે. તથા સદરહુ મિલકત અંગે સાટાખત/બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારનાં લખાણો અન્ય કોઈ ત્રાહીત વ્યકિતને કરી આપેલ નથી કે કોઈ કૌટુંબિક તર-તકરાર નથી. જેથી તેઓ પાસેથી સદરહું મિલકત અમારા અસીલ **ઈલ્યાસભાઈ યુસુફભાઈ શેખ,** નાંઓ વેચાણ લેવા ઈચ્છે છે. સદરહું મિલકતમાં જો કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હિસ્સો, દરદાવો, કબજો, ભોગવટો યા અન્ય કોઈને વેચાણ બાબતે વાંધો હોય તો તેમને દિન-૭ માં અમોને પુરાવા સહીત લેખિતમાં જણાવવું. આ મુદતમાં કોઈ વાંધો ન આવ્યેથી મુદત વીત્યેથી અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તે અંગે પાછળથી કોઈની કાંઈપણ તકરાર ચાલશે નહી, અને તેવા તમામ હકકો છોડી દીધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો હકક- હિસ્સો નથી યાને જતો કરેલ છે. તેમ સમજી હમારા અસીલ સદરહુ મિલકતનો અવેજ ચુકવી પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની લાગતા વળગતા તમામે યાને જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફત - **મો. આરીફ એ. બેહલીમ** તે ખરીદનારનાં એડવોકેટ
ઓફિસઃ- મુસ્લીમ ફળીયું, મુ.પો. કરજણ, તાલુકો-કામરેજ, જીલ્લો સુરત
મો.નં. ૯૬૨૪૯ ૬૧૯૦૭